

# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય-નિશ્ચય-આશરો-સેવા.
એકતા નગર, રાજપીપળા, નર્મદા : ૧ ડિસેમ્બર ૨૦૨૩

**ખુરશીના** ચાર પાયા જો મજબૂત હોય અને વ્યવસ્થિત ગોઠવાયેલા હોય તો આપણું આસન પણ સ્થિર બને. એમ, જીવનના ચાર પાયાની વાત ગુરુહરિ સાહેબદાદાએ સમજાવી. આપણી પાસે જે છે એ બધું રાખીને ભગવાનના સુખે સુખિયા થવું છે. જીવન છે, હું જીવંત છું, મારાં સ્વભાવ-પ્રકૃતિ છે, મારાં સગાં-વહાલાં, સ્નેહી-સંબંધી, વહીવટ, વ્યાપાર બધું જ છે. અને એ બધું રાખીને પણ ભગવાનનું સુખ લેતા થવાનો ઉપાસનાનો અદ્ભુત માર્ગ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપ્યો.

સત્સંગનો મુખ્ય આધાર માહાત્મ્ય ઉપર છે. કારણ કે, આપણે ભક્તિપરંપરાના માર્ગના ઉપાસકો છીએ. એ માહાત્મ્ય વેવલાઈ ના બની જાય, એ માહાત્મ્ય સમજણયુક્ત હોય અને સાથે સાથે મર્યાદાનાં પાલન સહિતની ભક્તિ હોય તો એ માહાત્મ્ય ખરેખરી ભક્તિમાં પરિવર્તિત થાય છે. ગુરુમાહાત્મ્યની વાત કરીએ તો, જેમના ૩૦ લાખ અનુયાયીઓ છે એવા મોટા સદ્ગુરુ સંત એ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ઈંગ્લૅન્ડના અનુપમ મિશન પર આવે છે એટલે સાહેબદાદાની મોટપ છે, સાહેબદાદાનો મહિમા વધી જાય છે; આ આપણું તોલમાપ છે. મોટરગાડીનો કાફલો હોય, લાખોની સંખ્યામાં અનુયાયીઓ હોય, બહુ બધાં શિખરબદ્ધ મંદિરો હોય એટલે તેઓ બહુ મોટા; એ આપણું માપ છે. કારણ કે, આપણે દુનિયાના જીવ છીએ. અને આપણે ચીજ-વસ્તુ-પદાર્થથી મોટપ માની છે, એટલે આપણે એ એમની પર આરોપીએ છીએ એટલે એ મોટા છે.

આપણે આ શિબિર ખાવા-પીવા કે સ્ટૅચ્યૂ જોવા માટેની શિબિર નથી કરતા એવી જો આપણાંમાં ગંભીરતા હોય તો આ એક આધ્યાત્મિક બાબત પણ સમજવા જેવી છે. ૧૭ વર્ષના એક વિદ્યાર્થીનો સંકલ્પ યોગીબાપાએ ઝીલ્યો અને પૂરો કર્યો. સાહેબદાદા આજે ૮૪ વર્ષની ઉંમરે પોતાના જીવનનો આ પ્રસંગ કહે છે. પોતાના જીવનની આ વાત આટલી સહજતાથી કહેવી એ જ ખરેખરી એમની આધ્યાત્મિક મોટપ છે! નહીં કે એમની પાસે કેટલી ધન-મિલકત, સેવકો કે કોણ એમને કેવી રીતે મળવા આવે છે તે છે. અને ત્યારે એમણે એ બૅન્ચ ઉપર બેસીને મનોમન પ્રાર્થના કરી કે, 'કોઈ દિવસ હું કોઈ પણ સંકલ્પ કરું, પણ જેનાથી મારા પ્રભુ, મારા ગુરુ રાજી ના થાય એવા સંકલ્પ તમે પૂરા નહીં કરતા.' આવું એમણે એમના ગુરુ પાસેમાંગ્યું. એની સામે આપણે ભિખારી જેવા – જે જોઈએ તે માંગ માંગ જ કરીએ છીએ. શું માંગીએ છીએ તેની અને મળશે તો શો ફાયદો થઈ જવાનો છે તેની આપણને ખબર જ નથી.

ગુરુએ એક સમયે, 'હે જશુભાઈ, તમે સંકલ્પ ના કરો તો તમારી ખોટ અને પૂરા ના કરીએ તો અમારી ખોટ' એવા આશીર્વાદ આપ્યા. હવે તો હાથમાં શસ્ત્ર આવી ગયું. મારા હાથમાં તલવાર હોય અને હું એનો ઉપયોગ ના કરું તો મૂરખ કહેવાઉં. સત્તા હોય, સામર્થી હોય, ઐશ્વર્ય હોય, પ્રતાપ હોય અને સામે પડ્યો શબ્દ ઝીલનારા સેવકો હોય અને ત્યારે આ આશીર્વાદનો ઉપયોગ ના કરીએ કે એને વાપરીએ નહીં; એ કેટલી ઊંચી-આધ્યાત્મિક બાબત છે ! એ તો જે

અધ્યાત્મચિંતન માટે ગંભીર હોય એ જ સમજી શકે એવી બાબત છે. ગુરુ પણ સમજે કે, આવા આશીર્વાદ કોને અપાય ને કોને ના અપાય. આપણને ઘણી વખત એમ થઈ જાય કે, જો મને કહે, મને સોંપે તો બધાને સરખા કરી દઉં, સીધા કરી દઉં. આ જે મને સંકલ્પ ઊઠ્યો છે એ મારો અહંકાર છે. આટલી સૂક્ષ્મ બાબત સુધીનું જે ગુરુ આપણને માર્ગદર્શન આપે છે, એમની આધ્યાત્મિક ઊંચાઈનું કંઈ માપ કાઢી શકાય તેમ નથી.

માહાત્મ્ય. ચાર પાયામાંનો એક બહુ અગત્ય ને મહત્ત્વનો પાયો છે – માહાત્મ્ય. અને કોનું માહાત્મ્ય છે ? કેવું માહાત્મ્ય છે ? અને ક્યાં સુધીનું માહાત્મ્ય સમજવાનું ? એ બધામાં બાકીના ત્રણ પાયા ઑટોમૅટિક આવી જાય છે. માહાત્મ્ય એ બહુ મોટી વસ્તુ છે. અને માહાત્મ્ય વગરનો સત્સંગ એ સત્સંગ જ નથી. માહાત્મ્ય હોય તો એ સત્સંગ છે અને માહાત્મ્ય હોય તો ગુરુની સામે બે હાથ જોડીને ઊભા રહેવાય છે અને તેઓ કહે એ પ્રમાણે એમના પ્રેમને ખાતર કરવાને પણ તૈયાર થઈએ છીએ. એટલે સમર્પણ કરાવવું પડતું નથી, સહજ અને સ્વાભાવિકપણે સમર્પણ થાય છે.

અત્યારનું જે યંગ જનરેશન છે એને સમાધાન જોઈએ છે, પણ અધ્યાત્મ બાબત એવી છે કે, એનાથી ઉપર ઊઠીએ ત્યારે જ તેની શરૂઆત થાય છે. કેટલીક બાબતોમાં માનસિક રીતે, બૌદ્ધિક રીતે એના ઉત્તરો આપણને મળે એટલે આપણને સમાધાન મળે. પણ એ બહુ ટૂંકા સમયનું–ટૅમ્પરરી સમાધાન છે. એ વ્યક્તિ, એ વસ્તુ, એ પ્રસંગ સાથે સંકળાયેલું સમાધાન છે. પણ સાહેબદાદા અંદરના આનંદની અને સહજાનંદની જે વાત કરે છે, એ માનસિક સમાધાનથી ઉપરની બાબત છે. અને તે ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે સંપૂર્ણ શરણાગતભાવ થાય. મારાં સઘળાં શસ્ત્રો શ્રી ગુરુના ચરણમાં હું મૂકી દઉં, ત્યારે જ એ વાતનો સુખદ અનુભવ આપણા જીવનમાં આપણને પ્રાપ્ત થાય છે.

ભગતજી મહારાજનો ગિરનારને બોલાવી લાવવાનો જાણીતો પ્રસંગ છે. પણ આપણા રોજબરોજના જીવનમાં ગિરનાર પર્વતને બોલાવી લાવવા જેવો, જેમાં આપણી બુદ્ધિ, આપણી અક્કલ, આપણી સમજણ, આપણી જાણકારી અને એનાથી આગળ, આપણી હોશિયારી કબૂલ ના કરે એવી બાબત જ્યારે ગુરુના શ્રીમુખેથી આવે ત્યારે ભગતજી મહારાજને સંભારીને ગિરનારને બોલાવી લાવીએ, તો ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત થઈ જાય છે.

ગુરુહરિ સાહેબદાદાની આજ્ઞાથી અનુપમ મિશને ૨૦૦૬થી આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય અને સમાજ ઉત્થાનની પ્રવૃત્તિ શરૂ કરી. સાધુ સતીશદાસજી અને સાધુ મણિદાસજી ગામડે ગામડે ફર્યા. ડુંગરના અજાણ્યા રસ્તાઓમાં પગપાળા ચાલીને ઝૂંપડે ઝૂંપડે સુધી પહોંચતા. ત્યારે બળ, શક્તિ અને પ્રેરણા આપનારું જે તત્ત્વ હતું એ માત્ર ને માત્ર ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું હતું. અને એ પ્રાપ્ત થયેલી પ્રસન્નતાનું આપણને આજે આ શિબિરના માધ્યમ દ્વારા દર્શન થાય છે.

વ્યક્તિગત રીતે હું જ્યાં છું ત્યાં ગુરુમુખી બની પ્રભુ પ્રીત્યર્થે જીવવાનો હાંહાંગડથલરૂપ પ્રયત્ન કરું તો ગુરુ બળ આપનારા બેઠા છે. અને જો માહાત્મ્ય હોય તો થાક લાગતો નથી, કંટાળો આવતો નથી. ૧૭ વર્ષથી આ બે સંતો આ વિસ્તારમાં જ્યારે રસ્તા નહોતા, જ્યારે કોઈ પણ પ્રકારની સગવડ નહોતી, અને ત્યારે જે કંઈ પણ સાધન, સંસાધન પ્રાપ્ત થયું, જેનો સાથ મળ્યો, તે ગુરુએ સોંપ્યું છે તેથી એક માત્ર સાધનાના ભાગ તરીકે બ્રહ્મવિદ્યા શીખવા માટેનો કર્મયોગ સતત અથાકપણે કર્યો છે, તો એના રૂડા પરિણામે આપણને આવી સારી હૉટેલમાં ઉતારા કરીને શિબિર કરવા માટેનો અદ્‌ભુત મોકો પ્રાપ્ત થયો છે. સંતોની તપશ્ચર્યાનું આ ફળ છે.

સરદાર સાહેબની ભૂમિમાં બેઠા છીએ ત્યારે સ્ટૅચ્યૂ ઑફ યુનિટી જોવા જઈએ, પણ જોવા જેવું તો સરદાર સાહેબનું જીવન છે. એમણે રાષ્ટ્રને માટે પરિવાર અને પોતાના વ્યક્તિગત જીવનમાં ત્યાગ, સમર્પણ, સંવાદિતા અને એકતાનાં દર્શન કરાવ્યાં છે. 'My Boss is Always Right' એવાં સૂત્રો લખીને ઘરની દીવાલો પર મૂક્યાં નથી, પણ ગાંધીબાપુની નેતાગીરી હેઠળ એમણે જીવન આચરણમાં મૂક્યું એવા અનેક પ્રસંગો સરદાર સાહેબના જીવનના છે.

અહીં આવીએ એટલે સ્ટૅચ્યૂ ઑફ યુનિટીની વિઝિટ કરીએ, પણ પ્રેરણા એ લેવાની છે કે, જીવનની આટલી ઊંચાઈ પ્રાપ્ત કરનારા પુરુષ કેવું જીવી ગયા અને આપણને શું શિખવાડી ગયા ! એ તરફ આપણી દૃષ્ટિ રહે એ એકતા નગરનું માહાત્મ્ય છે. એમ, સત્સંગનું માહાત્મ્ય રહે અને મને મળ્યા એવા પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી મહારાજ તરફ આપણી દૃષ્ટિ રહે અને તેઓની આજ્ઞા પાળવાનું સતત અનુસંધાન રહે તે પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆